**પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક**
**થવા માટેનો અનુભવ બાબત..**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-3/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૨/૨૦૧૨

<u>વંચાણે લીધું</u>-

શિક્ષણ વિભાગનું તા. ૧૮/૨/૨૦૧૨નું જાહેરનામું ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-3/ક,

<u>આમુખઃ</u>-

શિક્ષણ વિભાગના આમુખમાં વંચાણે લીધેલ ઠરાવથી મુખ્ય શિક્ષકની લાયકાતો નકકી કરવામાં આવેલ છે તે મુજબ પ્રાથમિક શાળાના આચાર્ય થવા માટે કુલ પાંચ વર્ષનો અનુભવ માંગવામાં આવેલ છે. આ અનુભવ માટે કેવા પ્રકારના અને કયાંથી પ્રમાણપત્રો ઉમેદવારોએ મેળવવા જોઇશે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી . આ બાબતે સરકારે પુખ્ત વિચારણા કરી નીચે દશાર્વેલ સંસ્થાઓના કર્મચારીઓએ તેમની સામે કોલમ નં.3માં દર્શાવેલ સક્ષમ અધિકારી પાસેથી મેળવવું તેવું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનો પ્રકાર | **કયા સક્ષમ અધિકારી પાસેથી અનુભવનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.** |
|---|---|---|
| (૧) | (૨) | (3) |
| ૧. | જિલ્લા શિક્ષણ સમિતિ | તાલુકા કેળવણી નિરીક્ષક |
| ૨. | નગર શિક્ષણ સમિતિ | શાસનાધિકારીશ્રી |
| 3. | ડાયેટ/સરકારી પી.ટી.સી. કોલેજો | ડાયેટ સરકારી પી.ટી.સી. કોલેજના પ્રાચાર્ય |
| ૪. | સરકારી માધ્યમિક, ઉચ્ચ માધ્યિમક | સંસ્થાના આચાર્યશ્રી |
| ૫. | બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક (ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ) | સંચાલક મંડળ |
| ૬. | બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક (નોન ગ્રાન્ટેડ સંસ્થાઓ) | સંચાલક મંડળ |
| ૭. | બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ, નોન ગ્રાન્ટેડ, પી.ટી.સી. કોલેજો, અધ્યાપન મંદિરો | સંચાલક મંડળ |

૧. સંચાલક મંડળે પ્રમાણપત્ર આપવાના કેસોમાં, સંચાલક મંડળે અધિકૃત કરેલ (પ્રમુખ/મંત્રી/મેનેજીંગ ટ્રસ્ટી/આચાર્ય) વ્યકિતએ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

અનુભવ માટે મેળવવાનું પ્રમાણપત્રનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબનો તથા મુખ્ય શિક્ષક થવા માટે અરજદારે જે સોગંદનામું રજૂ કરવાનું રહેશે તેનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

અરજદારનો કુલ અનુભવ જો એક કરતાં વધારે શાળાઓમાં હોય તો દરેક શાળાનો જુદો અનુભવ પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે અને પરિશિષ્ટ-૨ મુજબના સોગંદનામામાં દરેક શાળાની જુદી વિગત દર્શાવવાની રહેશે.

પસંદગી સમિતિને જરૂર જણાયે અન્ય આનુષાંગિક પુરાવા ચકાસણી માટે માંગી શકશે તે માટે ઉમેદવારોએ પસંદગી સમિતિને પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પોપટસિંહ વાઘેલા)
ઉપસચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ.
તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી.
તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિક/નગરપાલિકા.
(ઉપરના ચાર: પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર.
કોમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઓન લાઇન મૂકવા સારૂ)
સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી/સિલેક્ટ ફાઇલ

# પ રિ શિ ષ્ટ -૧

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક,**

**તા.૨૯/૦૨/૨૦૧૨ સાથેનું અનુભવનું પ્રમાણપત્ર.**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી....................................................ઉંમર..........આ શાળામાં તારીખ.............થી તા................ સુધી નોકરી કરેલ છે./કરતા હતા. જેમની કુલ નોકરી...........વર્ષ...........માસ થાય છે.

વધુમાં એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે આ સંસ્થામાં કરેલ સેવાના ઉપરોકત સમયગાળામાં શ્રી...............................................નો માસિક પગાર સંસ્થા દ્વારા દર માસે તેમના બેંક એકાઉન્ટમાં ચુકવવામાં આવે છે/આવતો હતો. આ પગાર..................બેંકની..................શાખાના..........................એકાઉન્ટ નંબરમાં જમા કરવામાં આવે છે./આવતો હતો.

ઉપરોકત પ્રમાણપત્ર શાળાના રેકર્ડ ઉપરથી ખરાઇ કરીને આપવામાં આવે છે.

આ શાળા શિક્ષણ સમિતિ સંચાલિત શાળા છે./ટ્રસ્ટ સંચાલિત શાળા છે અને ટ્રસ્ટ સંચાલિત શાળા હોય તો શાળાની માન્યતાનો નંબર..................છે નીચે સહી કરનારને સંચાલક મંડળે પ્રમાણપત્ર આપવા અધિકૃત કરેલ છે.

તારીખઃ- સહી અને સિકકો.............................

સ્થળઃ- પુરૂં નામ.......................................

# પ રિ શિ ષ્ટ -૨

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક, તા.૨૯/૦૨/૨૦૧૨ સાથેનું સોગંદનામું**

આથી હું નીચે સહી કરનાર.......................................................................................
સરનામું.............................................. ઉંમર-વર્ષ ..................નીચે મુજબ સૌગંદ ઉપર જણાવું છું.

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા મુખ્ય શિક્ષકની ભરતી માટે બહાર પાડવામાં આવેલ જાહેરાત સંદર્ભે મેં પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે નોકરી મેળવવા માટે ઉમેદવારી નોંધાવેલ છે. જેમાં દર્શાવેલ અનુભવની વિગત નીચે મુજબ છે. અને આ સમયગાળા દરમ્યાન મારો પગાર સંસ્થા દ્વારા બેંક મારફત મારા બેંક એકાઉન્ટમાં ચુકવવામાં આવતો હતો.

| ક્રમ | શાળાનું નામ | બજાવેલ ફરજનો સમયગાળો તારીખ થી તારીખ | કુલ અનુભવ | પગાર દર માસે ચુકવવામાં આવતો હોય તે બેંકનું નામ અને શાખા | બેંક ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

મેં દર્શાવેલ શાળાની શિક્ષક તરીકે નોકરીનો અનુભવ અને પગારની વિગતો સંપૂર્ણતઃ સાચી છે. જેની હું સોગંદ પૂર્વક ખાત્રી આપું છું.

હું જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે મારો અનુભવ ધરાવું છું ઉપર દર્શાવેલ વિગતોએ જયારે પણ આનુષાંગિક આધારો માંગવામાં આવશે ત્યારે હું જરૂરી આધાર-પુરાવા પુરા પાડવા બાંહેધરી આપું છું. આ વિગતો જો ખોટી નીકળશે તો મુખ્ય શિક્ષક માટે કરેલી મારી અરજી આપોઆપ રદ થશે. અને મને મુખ્ય શિક્ષકની નોકરીમાંથી છૂટો કરી શકાશે. ખોટું સૌગંદનામું કરવું ગુન્હો છે તેની પણ મને ખબર છે.

તારીખઃ- સહી અને સિકકો..............................
સ્થળઃ- પુરું નામ........................................
સરનામું........................................